વડોદરા શહેરમાં વધુ એક ડિજિટલ એરેસ્ટનો કિસ્સો પ્રકાશમાં આવ્યો

મની લોન્ડરિંગ કેસમાં સંડોવણી બહાર આવી છે તેમ કહી વૃદ્ધ પાસેથી ઠગે રૂ.1.21 કરોડ ખંખેર્યાં

જો સહકાર નહીં આપો તો આગામી બે કલાકમાં ધરપકડ કરાશે તેમ કહી ધમકાવ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.27

તાજેતરમાં વાઘોડિયા રોડ પર એક શિક્ષિકાને સીબીઆઇના આધિકારીની ખોટી ઓળખ આપીને ટોર્ચર કરાયું હોવાનો ડિજિટલ એરેસ્ટનો કિસ્સો પ્રકાશમાં આવ્યું હતું. ત્યારબાદ વધુ ડિજિટલ હાઉસ એરેસ્ટનો બનાવ બન્યો છે. જેમાં તાંદલજામાં રહેતા અને સારાભાઇ કેમિકલ કંપનીમાં એચઆચ તરીકે નોકરી વૃદ્ધને સાઇબર સેલના પીએસઆઇ તરીકેની ઓળખ આપનાર શખ્સે તમારી મની લોન્ડરિંગના કેસમાં સંડોવણી બહાર આવી છે. તમે રૂ.9 કરોડથી મુંબઇની બેન્કમાં ખાતુ ખોલાવ્યું છે. જો તપાસમાં તમે સહકાર નહી આપો ધરપકડ કરાશે. જેથી ધરપકડના ડરથી તેઓ ઠગ રૂ. 1.21 કરોડ રૂપિયા વિવિધ ખાતામાં ટ્રાન્સફર કરાવી ઠગાઇ આચરી હતી. સાઇબર સેલે તેમની ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે.

મૂળ મધ્યપ્રદેશના ગ્વાલીયરના અને હાલમાં તાંદલજા વિસતારમાં આવેલી સત્યમ એસ ક્યુબ રેસિડેન્સીમાં રહેતા દીપક દામોદર સુદામે સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે હુ સારાભાઇ કેમિકલ્સમાં વાઇસ પ્રેસિડેન્ટ એચ આર તરીકે નોકરી કરતો હતો. 4 ઓક્ટોબરના રોજ એસબીઆઇ ગ્રાહક સેલ તરફથી ફોન આવ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે મારે ક્રેડિટકાર્ડ સામે રૂ.1.09 લાખ ચુકવવા પડશે. ત્યારે મે કહ્યું હતું કે મને એસબીઆઇ તરફથી કોઇ ક્રેડિટ કાર્ડ મળ્યુ નથી. જેથી ઠગે તમને સાઇબર સેલનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો છે. ત્યારબાદ તેણે સાઇબર સેલ સાથે ફોન કનેક્ટ કરી આપ્યો હતો. જેમાં ઠગ પીએસઆઇ રવિકુમાર તરીકેની ઓળખ આપી મારો કેસ કૌભાંડમાં સંડોવાયેલો છે. તેની તપાસ માટે આ કેસ ઉચ્ચ અધિકારીને મોકલાયો છે. ત્યારબાદ મને એક વોટ્સઅપ કોલ કરીને તમને કેટલાક મનિ લોન્ડરિંગ કેસમાં શંકાસ્પદ જાહેર કરાયા છે અને તેમાં સુરેશ અનુરાગ આરોપી છે. તે આંતરરાષ્ટ્રી ફ્રોડ ગેંગનો ભાગ છે અને 226 મનિ લોન્ડરિંગમાં સામેલ છે. જેથી મે તેમને જણાવ્યું હતું મારે આ કેસ સાથે કોઇ લેવા દેવા નથી હુ નિર્દોષ છું. ઠગે તમે સુરેશ અનુરામગને રૂ. 9 કરોડ રૂપિયા અંગત માહિતીની આપલે કરીને કેનેરા બેન્ક મુબઇમાં ખાતુ ખોલાવ્યું છે અને મને કાનુની નોટિસ મોકલવા કહ્યું હતું. ત્યારે મે મારે આ કેસ સાથે કોઇ લેવાદેવા નથી. ત્યારે આગામી બે કલાકમા તમાર ધરપકડ કરવામાં આવશે. જેથી મે ડરી ગયો હતો અને ધરપકડથી બચવા માટે તેઓના કહ્યા મુજબ અલગ અલગ બેન્ક ખાતામાં રૂપિયા 1.21 કરોડ ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આરી હતી. સાઇબર સેલે તેમની ફરિયાદના આધારે ઠગને ઝડપી પાડવા તજવીજ શરૂ કરી છે.

ધરપકડથી બચવા બાયધરી લેખ પર સહી કરી

ભેજાબાજે તેમની ધરપકડ કરવામાં આવશે તેવુ કહીને ડરાવ્યા હતા ત્યારબાદ વોટ્સએપ પર બાહેધરીનુ ફોર્મેટ પમ મોકલ્યું હતું. જેમાં જના પર તેઓએ મારી સહી લીધી હતી. ઉપરાંત તેમની પાસેથી બાહેધરી લેખ લખાવી લીધો હતો કે તેઓ કેસમાં માહિતી જાહેર કરીશ નહી. જો આ માહિતી બહાર આવશે અન્ય પક્ષકારો સાથો તમાર પણ ધરકપકડ કરાશે અને ત્રણથી સાત વર્ષની જેલની સજા પણ કરવામાં આવશે. તેઓ ગભરાઇ ગયા હોય ફોર્મ પર સહી કરીને મોકલી આપ્યું હતું.

બોગસ GST સર્ટિ પર પ્રોપરાઇટર તરીકે સહી કરી બનાવટી દસ્તાવેજ બનાવ્યો

ટ્રાન્સપોર્ટ કંપનીના બેન્ક ખાતામાંથી કર્મચારીએ બારોબાર રૂ. 13.78 લાખ ચાઉ કરી નાખ્યાં

પાર્ટનરે કર્મચારી વિરુદ્ધ સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.27

અમદાવાદ ટ્રાન્સપોર્ટ કંપનીમાં નોકરી કરતા કર્મચારીએ બોગસ જીએસટી સર્ટી બનાવ્યા બાદ તેના પર પ્રોપરાઇટર તરીકે સહી કરી હતી. તે દસ્તાવેજના આધારે બેન્કમાં ખાતુ ખોલાવ્યું હતું. રેવલેમાંથી આવેલા રિફંડના નાણા બારોબાર બોગસ ખાતામાં જમા કરાવ્યા બાદ બારોબાર રૂ. 13.78 લાખ ઉપાડી ચાઉ કરી નાખ્યા હતા. જેથી કંપનીના પાર્ટનરે સમા પોલીસ સ્ટેશનમાં ઠગાઇની ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદના બોકડદેવ ખાતે આકાશ ટાવરમાં રહેતા અમન પુષ્પેન્દ્ર કટારીયા ટ્રાન્સપોર્ટનું કામ કરે છે. તેમની દરીયાપુર દરવાજાખાતે કટારીયા ટ્રાન્સપોર્ટ એન્ડ કંપની નામથી છેલ્લા 20 વર્ષથી ધંધો કરીએ છીએ. કંપનીના ભાગીદાર તરીકે હુ તથા આકાશ દગડા, મિનલ દગડના છે. આખા ગુજરાતમાં ટ્રાન્સપોર્ટનું કોન્ટ્રાક્ટ પર કામ કરીએ છીએ મુંબઇ થતા છત્તીસગઢ રાયગઢ ખાતે આવેલી સ્ટીલની કંપનીએ વર્ષ 2021થી 2022 સુધી વડોદરા રેલવેમાં ડેમરેજ તથા વોરફેજનો કોન્ટ્રાક્ટ રાખ્યો હતો. ત્યારે તમેની પેઢીને કોન્ટ્રાક્ટનું કામ કરવા લેખિતમાં ઓથોરિટી આપી હતી. જેમાં માલગાડી આવે તેમાંથી સામાન સમયમર્યામાં ખાલી કરી દેવાનું. જો સમયમર્યાદામાં કામ ન થાયો રેલવે તરફથી ભાગીદારી પઢીને પેનલ્ટી ફટકારવામાં આવતી હોચ ?. વર્ષ 2019-20માં વિશાલ શંકરપ્રસાદ શર્માને કામકાજની દેખરેખ રાખવા માટે રાખ્યા હતા.ત્યારે આ વિશાલ શર્મા (રહે.સમા સાવલી રોડ વડોદરા) તેમની ભાગીદારી પેઢીને ભાગીદાર ન હોવા છતાં કટારીયા ટ્રાન્સપોર્ટ એન્ડ કંપનીમાં પોતે ભાગીદાર હોવા અંગે ટ્રાન્સપોર્ટ કંપનીના નામનું ખોટુ અને બનાવટી જીએસટી સર્ટિફિકેટ બનાવ ડાવ્યું હતું. ત્યારબાદ આ સર્ટિફિકેટ દ્વારા વડોદરા ગુજરાત ગ્રામીણ બેન્ક, વેમાલી શાખામાં પોતાનું આઇડી પ્રુફ તેમજ કટારીયા ટ્રાન્સપોર્ટ કંપનીનું ખોટુ અને જીએસટી સર્ટિ બનાવ્યા બાદ તેના પર કંપનીના નામનો બનાવટી સીલ મારી તેના પર પ્રોપરાઇટ તરીક પોતને સહી કરી હતી. ત્યારબાદ આ દસ્તાવેજનો ઉપયોગ કરીને ગ્રામીણ બેન્કમાં ખાતુ ખોલાવીને રેલવે કોન્ટ્રાક્ટના રિફંડના રૂ. 13.78 લાખ તેમની જાણબહાર પોતાના ખાતામાં જમા કરી લીધા હતા ત્યારબાદ એઇએફટી અને જીએસટી ફોર્મ ભરીને રૂ. બારોબાર ઉપાડી ચાઉ કરી નાખ્યા હતા .જેથી તેના વિરુદ્ધ સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રધાનમંત્રીનો રોડ શો થવાનો હોય એ જ જગ્યાએ સફાઈ કરવામાં આવી છે, બાકીના શહેરમાં અંધેર

પાલિકાનું વિકાસ સપ્તાહમાં ફેલ, આજવા રોડ પર કચરાના ઢગલા

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરામાં 28 ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે સ્પેનના પીએમ પણ વડોદરાની મુલાકાત લેવાના છે. બંને દેશના પ્રધાનમંત્રીના આગમનની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ભારતના તિરંગા અને સ્પેના રાષ્ટ્ર ધ્વજથી વડોદરાના અનેક માર્ગોને શણગારવામાં આવ્યા છે. હેરિટેજ ઈમારતો અને લાઈટ્સના માધ્યમથી બંને દેશોની મિત્રતા દર્શાવાઈ છે. રાજમાર્ગો પર રંગબેરંગી રોશનીથી શણગાર કરવામાં આવ્યો છે.

ત્યારે વડોદરાના આજવારોડ પર નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન ના વેલકમ બેનરો અને હોરડિંગ લગાવવામાં આવ્યા છે સુલભ શૌચાલયને પણ જાણે સુંદર ટેન્ટ જેવું રંગબેરંગી કરવામાં આવ્યું છે ત્યારે શૌચાલયના મુખ્ય રોડ પર લગાવેલા બેનર પાસે જ કચરાનો ભયંકર મોટો ઢગલો જોવા મળે છે. આખું વડોદરા શહેર જ્યારે દિવાળી પહેલા દિવાળીનો ઉત્સવ મનાવતી હોય સફાઈ અભિયાન અને વિકસિત ભારતનો વિકસિત સપ્તાહ વડોદરા ઉજવતું હોય ત્યારે ઠેર ઠેર સફાઈ અને સુંદરતાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પરંતુ તંત્ર જાણે માત્ર દેખાડો કરતું હોય તેમ જ્યાં પ્રધાનમંત્રી નો રોડ શો થવાનો હોય તેટલા જ વિસ્તારમાં સફાઈ અને સુંદરતા દેખાડી રહ્યું હોય એમ લાગે છે. વડોદરાના આજવા રોડ પર વડાપ્રધાનના હોર્ડિંગ નીચે જ કચરાના બહુ મોટો ઢગલો તંત્ર દ્વારા ઠાલવી દેવામાં આવ્યો છે.

આજવા રોડ લૂંટ કેસમાં લુંટારુ હજુ પોલીસના હાથમાં આવ્યા નથી

પોલીસે એક હજાર ઉપરાંત સીસીટીવી ચેક કર્યા છતાં કોઇ લુંટારુઓનો પતો નથી

હથિયારધારી લૂંટારુઓએ પરિવારને બંધક બનાવી મોડીરાતના સનસનીખેજ લૂંટ ચલાવી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.27

ક્રાઇમ બ્રાન્ચે ચડ્ડીબનિયન ધારી ચોર ટોળકીને ગોત્રી રોડ પરથી ઝડપી પાડી છે. પરંતુ આજવા રોડ પર ઉદ્યોગપતિના ઘરમાં ઘુસીને રૂ.11.75 લાખના લૂંટ કરનાર લુટારુઓ હજુ પણ પોલીસના હાથમાં આવ્યા નથી.

વડોદરા શહેર તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી ચડ્ડીબનિયાનધારી ટોળકીએ આતંક મચાવ્યો હતો. ચોરી કરવાના આવતી ટોળકીને કારણે લોકો હજુ સુધી ઉજગરા કરવા પર મજબૂર બન્યા છે. વધી ગયેલી ચોર ટોળકીની ફરિયાદના આધારે ક્રાઇમ બ્રાન્ચે ટોળકી પકડવા માટે કમરકસી રહી હતી. દરમિયાન ગોત્રી રોડ પરથી ઝુપડામાં ઉંઘી રહેલા દોહાદની માતવા ગેંગના ચાર સાગરીતો ઝડપી પાડ્યા હતા. તેમની પૂછપરછ કરતા ચડ્ડી બનિયાન પહેરી ચોરી કરતા હોવાની કબૂલાત કરી હતી. પરતુ હજુ આજવા રોડ પર ઉદ્યોગપતિના ઘરમાં થયેલી રૂપિયા 11.75 લાખની સનસનાટી ભરી લૂંટમાં લુંટારુઓ પોલીસ પગેરુ મેળવી શકી નથી.જાણે લુટારુ ઘટનાને અંજામ આપ્યા બાદ જાણે ભૂગર્ભમાં ઉતરી ગયા હોય તેમ તેમનો કોઇ પોલીસને લાગી રહ્યો નથી. બીજી તરફ એક હજાર ઉપરાંત સીસીવીટી કેમેરા પણ પોલીસે ચેક કરી નાખ્યા હોવા છતાં લુંટારુઓની કોઇ કડી મળી રહી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે લૂંટ કરવા આવેલા લૂંટારૂઓએ ચોરી કરેલી ઈકો કાર સીસીટીવીમાં કેદ થઈ હતી પરંતુ હજુ સુધી તેનો પણ કોઈ પત્તો લાગ્યો નથી.

વડાપ્રધાનના આગમન પૂર્વે કેટલાક વિસ્તારોમાં સ્વચ્છતાથી વંચિત

ટેક્નોક્રેટ શાસકોએ બનાવેલી વરસાદી ગટર અને કાંસો પર મસમોટા ભૂવા

વડોદરામાં પીએમ મોદીના આગમનના રૂટ પર રસ્તા ચકાચક, વાઘોડિયા-ડભોઈ રીંગ રોડ અને મકરપુરા સુશેન રોડ પરનથી પરિસ્થિતિ જેસે થે હાલતમાં

(પ્રતિનિધિ) વડોદરા તા.27

શહેરમાં વડાપ્રધાનના આગમન પૂર્વે કેટલાક ચોક્કસ વિસ્તારોમાં શહેરની સુરત બદલી નાખવામાં આવી છે. જો કે વડાપ્રધાનના રૂટ સિવાયના વિસ્તારોમાં પરિસ્થિતિ વર્ષોથી છે. આ દૃશ્યો રવિવારે સામે આવ્યા છે.કેટલાક વિસ્તારોમાં એવીને એવીજ પરિસ્થિતિ જોવા મળી.તો અહીં સવાલ એ છે કે વડોદરા ના શાસકો શહેરીજનો ને શું મૂર્ખ સમજે છે ?

શહેરમાં છેલ્લા ત્રીસ વર્ષથી ભાજપનું શાશન છે. ત્રીસ વર્ષથી એકહથ્થું શાશન ચલાવતા શાશકોએ શેહેરીજનોની સુખાકારી માટે સમ ખાવા પૂરતા ત્રીસ સારા કામો કર્યા હોય એવુ શહેરમાં ક્યાંય જોવા મળતું નથી.આટલા વર્ષના શાશનમાં પીવાના પાણીના સ્ત્રોતમાં આજવા સરોવરનો વિકલ્પ ઉભો કરી શક્યા નથી. પીવાના પાણીના સ્ત્રોત તરીકે નવા તળાવ બનાવવાને બદલે મહીસાગર નદીમાંથી પાણી લેવામાં આવે છે.શાસકોની અણ આવડતના પાપે મહીસાગર નદીના પાણી પેટે પ્રજાના ટેક્ષમાંથી કરોડો રૂપિયા ચૂકવવા પડે છે. આટલા નાણાં ખર્ચ્યા બાદ પણ પાણી માટે કકળાટ કરવો પડે છે. કરોડો રૂપિયા ખર્ચી પીવાના પાણીનો કાયમી ઉકેલ મળતો નથી ત્યારે અત્યાર સુધી ચુકવેલા કે ચુકવવાના નાણાં ના દશ ટકા કરતા ઓછા નાણાં માં એક નવું તળાવ બની જાય. શું આટલું સામાન્ય જ્ઞાન આ કહેવાતા ટેક્નોક્રેટ શાસકોમાં નથી..? ખેર, આવી જ હાલત ડ્રેનેજ અને રોડ રસ્તા ની છે. વડોદરાના આદ્યસ્થાપક સર સયાજીરાવ ગાયકવાડે બનાવેલી ડ્રેનેજ સીસ્ટમ આજે પણ સલામત છે અને કહેવાતા ટેક્નોક્રેટ શાસકોએ બનાવેલી વરસાદી ગટર અને કાસો પર મસ મોટા ભુવા પડે છે. શહેરમાં દર વર્ષે રોડ પાછળ ત્રીસ થી ચાલીસ કરોડ ખર્ચ્યા બાદ પણ કહેવાતા ટેક્નોક્રેટ શાશકો કમ્મર તોડ રોડ ની ભેટ આપે છે. રોડ રસ્તા ના ઠેકાણા નથી. હા, શહેરમાં જયારે મુખ્યમંત્રી અથવા વડાપ્રધાન આવવાના હોય તો એ રૂટ પર શહેરની શકલ સુરત બદલાઈ જતી હોય છે.વડોદરા નું એ જ નિષ્ફળ તંત્ર દિવસ રાત કામે લાગી જાય છે અને એવુ બતાવે છે વડોદરાનો વિકાસ એમના જેવો કોઈ કરી શકે એમ નથી. જો કે હાઈ કમાન્ડ ને પણ ખબર હોય છે એમના રૂટ સિવાય બાકીના વિસ્તારો ગંદા ગોબરા અને ગામડા કરતા પણ પછાત છે. તંત્ર એની નિષ્ફળતાનું પાપ છુપાવવા વી આઈ પી નો રૂટ ચક ચકાટ કર્યો છે અને એટલે જ મુખ્યમંત્રીએ ટકોર કરી હતી કે વડોદરા વિકાસમાં પાછળ છે. જે રાજમહેલ રોડ પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવવાના હતા એ રોડ લખોટી ગગડે એવો આવેલી છે. વિહાર ટોકીઝથી ગાજરાવાડી તરફ જવાના માર્ગ પર તો ભંગાર રોડ પર ડ્રેનેજ ની કુંડીઓ એક એક ફૂટ જેટલી નીચે ઉતરી ગઈ છે. ક્લપના કરો વાહન ચાલકોની હાલત કેવી થતી હશે? ખેર, હતો એ રોડ પર રોડ બનાવી દીધો. જયારે રાજમહેલ રોડ ને અડીને આવેલો દાંડિયાબજાર ગામડાના રોડને સારો કહેવડાવે એવો છે. વર્ષોથી કમ્મર તોડ રોડ બની ગયેલા દાંડિયાબજાર રોડ પર ખાડા સાથે ડ્રેનેજ ની કુંડીઓ રોડ થી નીચે બેસી ગઈ છે જેના કારણે વાહનો પછડાય છે. આવી જ હાલત જયરત્ન બિલ્ડીંગ થી મોતીબાગ સુધીના રોડ ની છે. આ રોડ પર તો ચાર ચાર સ્કૂલો માટે આવા ઢગલા બંધ રોડ તૂટેલા છે જેને કદાચ આજના શાશકો શાંઘાઈના રોડ ગણતા હશે. રૂ. ૩૫૦૦ કરોડ કરતા વધુનું બજેટ છતાં શહેરની અવદશા કર્યા બાદ નમાલા શાશકો શહેરનો વિકાસ થયો છે એવુ કહેતા શરમાતા નથી. શહેરમાં પબ્લિક ટ્રાન્સપોર્ટના નામે કોન્ટ્રાકટ આપી તેનું કોઈ સુપરવિઝન થતું નથી જેના કારણે લોકોની તકલીફો જેમની તેમ છે. દબાણો થી રોડ સાંકડા થાય છે અને ટ્રાફિકની સમસ્યા વિકટ બની રહી છે. જો કે મારું તારું ના રાજકરણ વચ્ચે પાક્કા દબાણોના રાફડા શાસકોના નિષ્ફળતાની પોલ ખોલે છે. વિરોધ પક્ષના નેતા ચંદ્રકાન્ત શ્રીવાસત્વ નું કહેવું છે. કે આટલો ભ્રષ્ટાચાર અને નિષ્ફળ શાશન મેં ક્યારેય જોયો નથી. કરોડો રૂપિયાનું આંધળુંકિયું કર્યા બાદ પણ જયારે શાશકો વિકાસ નો દાવો કરે ત્યારે અનેક સવાલો ઉભા થાય છે.

દિપાવલી પૂર્વે સ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે પાંચ હજાર દિવડાઓનો દિપોત્સવ

■ વિક્રમ સંવત ૨૦૮૦ નો અંતિમ રવિવાર અને પર્વો ના મહારાજા દિવાળી ના દિવસો ના પ્રારંભ એવા તારીખ ૨૭ ઓક્ટોબર રવિવાર ની સંધ્યાએ ૦૬.૦૦ થી ૦૬.૩૦ દરમિયાન બી એ પી એસ શ્રી સ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે પૂજ્ય સંતો તથા સંસ્થા ના સ્વયંસેવકો દ્વારા ભવ્ય દિપોત્સવ યોજાશે. જેમાં સમગ્ર મંદિર પરિસર ની પરિક્રમા માં પાંચ હજાર થી વધુ દિવડા ઓ પ્રજ્વલિત કરવામાં આવશે.

મુસાફરો માગ અને ધસારાને લઈ નિર્ણય લેવાયો

વડોદરા મંડળ દ્વારા બે જોડી ટ્રેનોમાં વધારાના કોચ જોડવામાં આવશે

ટ્રેનોના સ્ટોપેજ અને સમય અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે

(પ્રતિનિધિ) વડોદરા તા.27

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને વડોદરા મંડળ માંથી ચાલનારી બે જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો માં અસ્થાયી ધોરણે વધારાના કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેનોમાં જોડવામાં આવનારા વધારાના કોચની વિગતો નીચે મુજબ છે.

1. ટ્રેન નંબર 09111/09112 વડોદરા-ગોરખપુર સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નંબર 09111 વડોદરા-ગોરખપુર સ્પેશિયલ એક્સપ્રેસ માં વડોદરાથી 28 ઓક્ટોબર અને 04 નવેમ્બરે અને ટ્રેન નંબર 09112 ગોરખપુર-વડોદરા સ્પેશિયલ એક્સપ્રેસમાં ગોરખપુરથી 30 ઓક્ટોબર અને 06 નવેમ્બરના રોજ એક વધારાનો સેકન્ડ ક્લાસ નો જનરલ કોચ ઉમેરવામાં આવશે.

2. ટ્રેન નંબર 09195/09196 વડોદરા-મઉ સુપરફાસ્ટ સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નંબર 09195 વડોદરા-મઉ સ્પેશિયલ એક્સપ્રેસમાં વડોદરાથી 02 નવેમ્બર અને 09 નવેમ્બર તથા ટ્રેન નંબર 09196 મઉ-વડોદરા સ્પેશિયલ એક્સપ્રેસમાં મઉ થી 03 નવેમ્બર અને 10 નવેમ્બરના રોજ એક વધારાનો સેકન્ડ ક્લાસ નો જનરલ કોચ ઉમેરવામાં આવશે. ટ્રેનો ના સ્ટોપેજ ના સમય અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

18 માસથી શાળાઓમાં શિક્ષકો નથી અને સરકાર શિક્ષા અભિયાનના બણગા ફૂંકે છે

કઈ રીતે ભણશે ગુજરાત? : નસવાડીની પ્રાથમિક શાળાઓમાં 250 શિક્ષકોની અછત

અમુક શાળાઓમાં બાળકોને 1થી 100 ના ઘડિયા પણ આવડતા નથી

(પ્રતિનિધિ) નસવાડી તા.27

નસવાડી તાલુકાની પ્રાથમિક શાળાઓમાં 250 થી વધુ શિક્ષકોની જગ્યા એક વર્ષ થી ખાલી છે સરકાર શિક્ષકોની ભરતી ના કરતા આદિવાસી વિસ્તાર માં બાળકોને શિક્ષણ ના મળતા અભણ રહી જાય તેવી પરિસ્થિતિ હાલ તો 18 માસ થી આ પરિસ્થિતિ હોવા છતાંય સરકાર જાગતી નથી.

નસવાડી તાલુકો આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો છે તેમજ તાલુકામાં 210 ગામો આવેલા છે આદિવાસી વિસ્તાર માં સરકારી પ્રાથમિક શાળાઓ સિવાય શિક્ષણ ની કોઈ સુવિધા નથી જયારે નસવાડી તાલુકા માં 212 પ્રાથમિક શાળાઓ આવેલી છે જેમાં 250 થી વધુ શિક્ષકો ની જગ્યા છેલ્લા 18 માસ થી ખાલી હોવાથી શાળા માં એકજ શિક્ષક ધોરણ એક થી પાંચ માં ફરજ બજાવે છે જયારે બાળકો ઉપર અભ્યાસ ની ગંભીર અસર પડે છે શિક્ષકો ની ઉણપ ના કારણે અમુક શાળાઓમાં બાળકોને 1થી 100 ના ઘડિયા પણ આવડતા નથી જયારે આદિવાસી વિસ્તાર માં બાળકો પાંચમું ધોરણ પાસ કર્યા પછી ધોરણ છ માં જાય છે ત્યારે શિક્ષણ નો ભાર વધી જાય છે તેવા સમયે એક થી પાંચ માં અભ્યાસ માં કાચા રહેનાર બાળકો છઠા ધોરણ માં કાચા શિક્ષણ ના કારણે પાછળ રહી જાય છે આદિવાસી વિસ્તાર માં શિક્ષણ ની સુવિધા પાયા ની સુવિધા છે અને માનવ અધિકાર નો એક ભાગ છે સરકારે શિક્ષણ માટે શિક્ષકોની ભરતી સમય સર કરવી જોઈતી હતી પરંતુ સરકાર આદિવાસી વિસ્તાર ના બાળકોને અભણ રાખવા માંગતી હોય તે રીતના શિક્ષકો ની જગ્યા ના ભરી ને હાલ તો આદિવાસી વિસ્તાર ના બાળકો અભ્યાસ માં કાચા રહે છે શહેરો ના બાળકો ખાનગી શાળા માં અભ્યાસ કરે છે જેનાથી તેઓનું શિક્ષણ સ્પર્ધાત્મક હોય છે અને ડોક્ટર ઈજેંનર માટે 11 12 સાયન્સ માં તેઓ સારા માર્ક્સ લાવે છે અને તેઓને એડમિશન માં સરળતા રહે છે આદિવાસી વિસ્તાર માં શિક્ષણ ની સુવિધામાં ઉણપ પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકો ઉચ્ચતર અભ્યાસ ક્રમ માં પાછળ રહી જાય છે અને ડોકટર ઈજેનર બનવા માટે સારા માર્ક્સ ના હોવાથી એડમીશન મળતું નથી તેની પાછળ સરકાર જવાબદાર છે આદિવાસી સમાજ શિક્ષણ માં પાછળ રહી જાય તેવા સરકાર ના પ્રયાસ છે તેવું લાગી રહ્યું છે.

હિરબાનગર-કબીરનગર મેદાનમાંથી ફૂટના 4 ફૂટના મગરના બચ્ચાનું રેસ્ક્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.27

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વાઘોડિયારોડ સ્થિત બાપોદજકાતનાકા ખાતે આવેલા હિરાબાનગર તથા કબીરનગર વચ્ચે આવેલા મેદાનમાં આવી ચઢેલા ચાર ફૂટના મગરનુ વાઈલ્ડ લાઈફ રેસક્યુ ટીમ તથા વનવિભાગ દ્વારા રેસક્યુ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચોમાસામાં આ વર્ષે ગત ઓગસ્ટમાં આવેલા પૂર દરમિયાન કેટલાક જળચર તથા સરિસૃપ જીવો રહેણાંક વિસ્તારોમાં દેખા દેતાં તેઓના રેસ્ક્યુ કરવામાં આવી રહ્યા છે જે સિલસિલો હજી પૂર ના બે મહિના બાદ પણ યથાવત જોવા મળી રહ્યો છે. અહીં પૂર્વ વિસ્તારમાં આવેલા બાપોદજકાતનાકા વિસ્તારમાં હિરાબાનગર તથા કબિરનગર પાછળ ખુલ્લું મેદાન આવેલું છે જેમાં ગત ઓગસ્ટમાં પૂર દરમિયાન વરસાદી પાણી ભરાઇ ગયા હતા તથા ત્યારબાદ આ મેદાનમાં ઘાસ જોવા મળે છે અહીં ચારફૂટ નું મગરનુ બચ્ચું આવી ગયું હતું જે શનિવારે મધરાતે બહાર જ્યાં લારીઓ રોડની અને મેદાનની બાજુમાં છે ત્યાં નિકળી આવતા સ્થાનિકોએ વાઈલ્ડ લાઈફ રેસ્કયુ ટીમ તથા વનવિભાગને જાણ કરતાં ટીમે મગરનુ રેસક્યુ કર્યું હતું.

અંકલેશ્વર હાંસોટ રોડ પર અકસ્માતના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) ભરૂચ તા.27

અંકલેશ્વર હાંસોટ રોડ પર બાઈક ચાલકને ટક્કર મારી ફરાર થઈ જનાર બોલેરો પીકઅપ ચાલકની પોલીસે ધરપકડ કરી છે. આ અકસ્માતમાં બાઈક સવાર યુવાનનું મોત થ હતું અંકલેશ્વર હાંસોટ રોડ પર આવેલ એશિયાડ નગર નજીક તારીખ છઠ્ઠી ઓક્ટોબર ના રોજ બોલેરો પિક અપ અને બાઇક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઇક સવાર યુવાનનું મોત નિપજ્યું હતું.

પોલીસે અકસ્માતના ગુનાના આરોપીને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી જેમાં નજીકની જગ્યાના સીસીટીવી ફૂટેજ મેળવી એનાલિસિસ કરવામાં આવ્યું હતું જેના આધારે પોલીસે અકસ્માત સર્જનાર ટેમ્પો નંબર જીજે 16 એડબ્લ્યુ 4538ને શોધી કાઢ્યો હતો અને તેના ચાલક નેત્રંગના રહેવાસી પરસોતમ વસાવાની અટકાયત કરી પૂછપરછ કરતા તેણે ગુનાની કબૂલાત કરી હતી.પોલીસે આરોપી પરસોત્તમ વસાવાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

SSGHના બાળ રોગ વિભાગમાં દીપાવલી પર્વની અનોખી ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.27

પ્રકાશનો પર્વ એટલે દિપાવલી હાલ દિવાળીના તહેવારોની શરૂઆત વડોદરા શહેરમાં થઈ ચૂકી છે.ત્યારે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ વડોદરા વાસીઓ દ્વારા દિપોત્સવને આનંદ અને ઉલ્લાસ સાથે મનાવવામાં આવશે.ત્યારે શનિવારે રાત્રે મધ્ય ગુજરાતની સૌથી મોટી કહેવાતી વડોદરા શહેરની સયાજી હોસ્પિટલના બાળ રોગ વિભાગ ખાતે તબીબી સ્ટાફ નર્સ અને બાળ દર્દીઓના પરિવારજનોએ ભેગા મળી દિપાવલી પર્વની અનોખી ઉજવણી કરી હતી. કોઠી,ચક્કર,ફટાકડા ફોડીને આનંદ માણ્યો હતો.